(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા તાલુકાના સરડોઈ ગામના યુવાનને ગઠીયા દ્વારા છેતરી એટીએમનો પીન નંબર જાણી એક લાખથી વધુની છેતરપીંડી

અજાણી વ્યક્તિઓ ધ્વારા અવારનવાર ફોન કરી લોકો ને પોતાની વાકપટુતામાં ફસાવી બેંક નો કજાતા નંબર અને એટીએમ કાર્ડના પીન નંબર સહીતની માહિતી મેળવી લીલાખો રૂપિયા ખાતામાંથી ઉપાડી છેતરપીંડીના બનાવો બનતા હોય છે તેમ છતાં લોકો છેતરાતા અટકતા નથી આવો જ એક બનાવ મોડાસા તાલુકાના સરડોઈ ગામના એક વ્યક્તિ સાથે બન્યો હતો. જેમાં અજાણ્યા વક્તિ ઈ ફોન કરી આઈસિઆઈસિ બેન્કના ખાતાની માહિતી મેળવી રૂપિયા એક લાખ બત્રીસ હાજર ઉપાડી લીધા હતા પોતાના ખાતામાંથી માતબર રકમ ઉપડી જતા છેતરાયેલા બીપીનભાઈ શુકલે મોડાસા રૂરલ પોલીસમાં ફરિયાદ નોધાવતા પોલીસે છેતરપીંડી તેમજ આઈ ટી એકટ મુજબ ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

બનાસ ડેરીમાં નવીન 'અન્નપૂર્ણા ભવન'નું ઉદ્‌ઘાટન કરાયું

પાલનપુર, તા. ૧૬

ધી બનાસડેરીના કર્મચારીઓની શાખા અને પુરવઠા ગ્રાહક સહકારી મંડળી લી.ના નવીન 'અન્નપૂર્ણા ભવન'નું ઉદ્‌ઘાટન બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતું.

સમારોહના અધ્યક્ષ અને ઉદ્‌ઘાટક બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળે જણાવ્યું હતું કે બનાસડેરી આજે આ બનાસ પરિવારના તમામ કર્મચારીઓની મહેનતે વિશ્વસ્તરે ખ્યાતિ પામેલ છે. બનાસના કર્મચારીઓને જમવાની ઉત્તમ સગવડ મળી રહે એ માટે સહકારી ધોરણે મુજબ અત્યાધુનિક 'અન્નપૂર્ણા ભવન' બનાવેલ છે જેની પાછળનો ઉદ્દેશ લાંબાગાળાના સંઘના કર્મચારીઓના હિતો જાળવવા અને 'અન્ન તેવો ઓડકાર' જેવી મુળભૂત ભાવનાને મૂર્તિમંત કરવા આટલું ભવ્ય નીર્માણ કરેલ છે. વધુમાં તેઓએ કર્મચારી મંડળીના મેનેજમેન્ટને પણ દિશાસૂચન કરતાં ભવિષ્યમાં બનાસડેરીની જેમ કર્મચારી મંડળીનો પણ અભ્યાસ અને મુલાકાત લેવા મુલાકાતીઓ પ્રેરાય તે મુજબ આયોજન અને તેનો અમલ કરવા જણાવેલ. ફુડ સેફ્ટી અને ક્વોલીટી માટે રોજબરોજના કામમાં કેવી તકેદારી લઈ શકાય તે માટેના પણ સૂચનો કર્યા હતા.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસામાં મેઘરાજાની શાહી સવારી

ચોમાસાની ઋતુના પ્રારંભ સાથે જ ચોમાસા સહિત પંથકમાં મેઘરાજાની શાહી સવારીના આગમન સાથે સર્વત્ર ઠંડક પ્રસરી જવા પામી હતી. ગત માસે ખેડૂતો દ્વારા કરાયેલા કપાસ, મગફળીના વાવેતર તેમજ વાવણી કરતા ખેડૂતો સહિત પ્રજાજનો છેલ્લા કેટલાક દિવસોથી વરસાદની રાહ જોઈ રહ્યા હતા. ૧૬ જૂનની સાંજે પંથકમાં વરસાદનું આગમન થતાં જ સર્વત્ર રાહત પ્રસરી હતી. મંગળવારની સાંજે મોડાસા નગર સહિત તાલુકાના સરડોઈ, જીવણપુર, મોટી ઈસરોલ અને રાજલી સહિતના વિસ્તારોમાં ધમાકેદાર વરસાદ શરૂ થતાં જ નગરના માર્ગો ઉપર પાણી ફરી વળ્યા હતા. વરસાદની શરૂઆત સાથે વીજળી રાબેતા મુજબ વેરણ થઈ હતી.

ખેડબ્રહ્મા ખાતે યોગ શિબિર અંગે બેઠક યોજાઈ

ખેડબ્રહ્મા ખાતે આગામી ૨૧ જુને યોજાનાર વિશ્વ યોગ દિનના નિમિત્તે પ્રાંત અધિકારી વી.આર. સકસેનાના અધ્યક્ષ સ્થાને મીટીંગ મળી હતી. ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના ત્રણ તાલુકા ખાતે આઠ કેન્દ્રો પર યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ખેડબ્રહ્મામાં તાલુકા કક્ષાના ચાર અને જિલ્લા કક્ષાના બે કેન્દ્રોની પસંદગી કરવામાં આવેલ છે. વિજયનગર તાલુકામાં સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ અને આર્ટસ કોલેજ, ખેડબ્રહ્મામાં જયોતિ વિદ્યાલય, શેઠ કે.ટી. હાઈસ્કુલ, પોલીસ ગ્રાઉન્ડ, છત્રપતિ શિવાજી ઉદ્યાન અને પોશીના ખાતે પ્રાથમિક શાળા અને સ્વામીનારાયણ મંદિર જયારે જિલ્લા કક્ષાના કેન્દ્રમાં ખેડબ્રહ્માની આર્ડેકતા એન્જીનીયરીંગ કોલેજ અને લાંબડીયાની પારસ વિદ્યાલય પર યોગ શિબિર યોજાશે.

અરવલ્લીમાં જમીન રી-સર્વેની આડેધડ કામગીરી સામે રોષ

અરવલ્લી જિલ્લામાં જમીનોની રીસર્વે કામગીરીને લઈ ખેડૂતો રોષે ભરાયા છે. આડેધડ સર્વેને લઈ જમીનોમાં મોટા ફેરફારો થઈ જતાં ખેડૂતોએ વાવેતરનું કામ પડતું મુકી કચેરીઓના ધક્કા ખાવાનું શરૂ કરી દીધું છે. અત્યાર સુધી મોડાસા સ્થિત જિલ્લાની ડીએલઆર કચેરીમાં જમીનમાં થયેલી વધઘટ અંગે ૨૮૪૭ અરજીઓનો ખડકલો થયો છે.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જિલ્લામાં જમીનોની પુનઃ મોજણી કરાઈ હતી. રાજ્ય બહારની એજન્સી દ્વારા કરાયેલી કામગીરીમાં એન એલ આર એમ એના નિયમોને નેવે મૂકી આડેધડ સર્વે કરાયો હતો. જેના કારણ બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા તાલુકામાં સંખ્યાબંધ ખેડૂતોની જમીનોના માપમાં વધઘટ થઈ જતાં ખેડૂતોમાં દોડધામ મચી છે. હાલમાં મામલતદાર કચેરીમાં જમીનોના ૭/૧૨ તથા ૮-અના નવા ઉતારા આવી ગયા છે. જૂના ઉતારા તથા નવા ઉતારામાં જોવા મળેલા મોટા ફેરફારોથી ખેડૂતો ભડક્યા છે અને ડીએલઆર કચેરીમાં અરજીઓના ઢગલો ખડકાવા માંડ્યો છે. જમીનોની રીસર્વે કામગીરીમાં વર્ષો જૂના અંગ્રેજો વખતના રેકર્ડ બદલાઈ જતાં જમીનોમાં મોટા ફેરફારો થઈ ગયા છે.

ગઢકંપાના ખેડૂતમુકુંદભાઈ પટેલે જણાવ્યું કે, તેમના સર્વે નંબર ૧૧૮/૩માં સુજલામ સુફલામ સ્ટીંગ કેનાલ પસાર થાય છે. જેમાં જમીનનું ક્ષેત્રફળ ૦-૭૮-૯૮ છે. ત્યારે નવા સર્વેમાં આવેલા નકશામાં કેનાલ ગાયબ થઈ ગઈ છે અને તેમની જમીનનું ક્ષેત્રફળ વધી ૨-૧૪-૦૫ થઈ ગયું છે.

પાલનપુરમાં જેલના કેદીઓને યોગની તાલીમ અપાશે

૨૧મી જૂનને જ્યારે વિશ્વ યોગ દિન જાહેર કરવામાં આવેલ છે ત્યારે આ ખાસ અભિયાન અંતર્ગત વિશ્વના બધા દેશો ૨૧મી જૂને યોગ કરશે.

બનાસકાંઠા જિલ્લાની પાલનપુર મુકામે આવેલ સબ જેલના ૩૦૦ કેદીઓને પણ આ અભિયાનનો લાભ આપવા માટે તા. ૨૨-૬-થી ૨૮-૬-૨૦૧૫ સુધી યોગની તાલીમ ધરાવતા ખાસ શિક્ષકોદ્વારા જેલ પરિસરમાં સવારે ૭ થી ૮ ના સમય દરમ્યાન યોગની તાલીમ આપવામાં આવશે. જેલમાં એકલવાયુંજીવન જીવતા આ કેદીઓને માનસિક અને શારીરિક તંદુરસ્તી માટે યોગની તાલીમ ખાસ જરૂરી છે. જેલમાંથી પોતાની સજા પુરી કરી પોતાની રોજીંદી જીંદગીમાં પરત ફરે ત્યારે આ કેદીઓ શાંતિથી પોતાનું બાકી જીવન ગુજારે એ આશયથી ખાસ કિસ્સામાં આ તાલીમ શિબિરનુંઆયોજન સદભાવના ગ્રુપ દ્વારા કરવામાં આવશે. તાલીમ પુરી થયા બાદ પણ નિયમિત રીતે સવારે આ કેદીઓ યોગ કરે એનું પણ વ્યવસ્થા જેલ વિભાગના કર્મચારીઓ સાથે રહીને ગોઠવવામાં આવશે.

બનાસકાંઠાના છ તાલુકામાં દૂધ સંજીવની યોજનાનો શુભારંભ

પાલનપુર, તા. ૧૬

બનાસકાંઠા જિલ્લાના છ તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોને મધ્યાહન ભોજન સાથે ૨૦૦ મીલી. ફ્લેવર્ડ દૂધ આપવાની દૂધ સંજીવની યોજનાનો શુભારંભ જિલ્લાના પ્રભારી મંત્રી રમણલાલ વોરાએ કરાવ્યો હતો.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

કાર્યક્રમમાં બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળે આ યોજના અંગે વિસ્તૃત માહિતી આપતા જણાવેલ કે, બનાસડેરી અને સરકારશ્રીના સંયુક્ત પ્રયાસથી આ યોજના ગુજરાતમાં સૌ પ્રથમ બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં સને ૨૦૦૭માં અંકિત કરવામાં આવી હતી. આ યોજનાની સફળતા અને સારો આવકાર મળતા રાજ્યના અન્ય આદિવાસી તાલુકાઓમાં પણ ચાલુ કરવામાં આવી હતી. અને હવે ગતીશીલ ગુજરાત અંતર્ગત અન્ય છ વિકાસશીલ તાલુકાઓમાં આ યોજના આજથી શરૂઆત કરવામાં આવી છે. આ યોજનાનો અમલ થવાથી વાવ, થરાદ, ભાભર, સુઈગામ, દિયોદર અને કાંકરેજ તાલુકાઓની ૯૯૭ પ્રા. શાળાઓમાં ભણતા કુલ ૧,૭૦,૬૫૮ બાળકોને હવે દરરોજ મધ્યાહન ભોજન સાથે ૨૦૦ મીલી. દૂધ પણ આપવામાં આવશે.

આ પ્રસંગે બનાસકાંઠા કલેક્ટર નગરપાલિકાના પ્રમુખ જિલ્લા વિકાસ અધિકારી તથા અન્ય અધિકારીઓ, અગ્રણીઓ, બનાસડેરીના નિયામક મંડળના સભ્યો અને મેનેજીંગ ડીરેક્ટર તેમજ અન્ય મહાનુભાવોએ અને લોકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લામાં અનેક કેનાલોમાં કચરાનો ભરાવો ચોમાસામાં ખેડૂતો માટે આફત રૂપ : સિંચાઈ વિભાગ નિંદ્રાધીન

મોડાસા, તા.૧૬

અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રિ-મોન્સુન પ્લાન અમલમાં મુકવામાં આવ્યા છે. જિલ્લા વહીવટી તંત્ર એ પ્રિ-મોન્સુન પ્લાનના અમલની તાકીદ કરવામાં આવી હોવા છતાં જિલ્લામાં પ્રી-મોન્સુન પ્લાનની કાર્યવાહીના નામે મીંડુ જોવા મળે છે. અરવલ્લી જિલ્લામાં આવેલી અનેક કેનાલોમાં કચરાનો ભરાવો જોવા મળી રહ્યો છે. જિલ્લાના ભૂમિપુત્રોની જીવાદોરી સમાન કેનાલો સિંચાઈ વિભાગ દ્વારા સફાઈ કરવા ખેડૂતોની માંગ છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર પ્રિમોન્સુન પ્લાનનો તત્કાલ અમલ કરવાની સુચના આપી હોવા છતાં વાત્રક, મેશ્વો, માઝૂમ, ધરોઈ ડેમ સંલગ્ન કેનાલો જાળી જાંખરાથી અને માટીઓના ઢગલા થઈ જતાં આગામી ચોમાસામાં કેનાલોથી ખેતરોના ખેતરો તબાહ થઈ જાય તેવી ભીતી સેવાઈ રહી છે. કેનાલમાં વરસાદી પાણી અવરોધાવાથી નુકશાનની સંભાવના દેખાઈ રહી છે ત્યારે તંત્ર ચોમાસા અગાઉ કેનાલોની સાફ સફાઈ કરાવે તેવી માંગ ખેડૂત આલમમાં ઉઠવા પામી છે. જિલ્લાની કેનાલોમાં જાળી ઝાંખરા અને કચરાના ઢગલાઓ થઈ જતાં આગામી વરસાદના દિવસોમાં કેનાલો ખેડૂતો માટે મુશ્કેલરૂપ બની રહેશે તેવું જણાઈ રહ્યું છે. જિલ્લામાં ડેમ સંલગ્ન મુખ્ય તથા માઈનોર કેનાલોની સફાઈ થઈ ન હોવાથી ચોમાસામાં વરસાદી પાણી અવરોધાવાથી કનાલોમાં ગાબડાં પડવાથી માંડી ખેતરોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાય તેવું લાગી રહ્યું છે. છેલ્લા કેટલાય સમયથી સિંચાઈ વિભાગ દ્વારા કેનાલ પ્રત્યે કોઈ ધ્યાન અપાયું નથી અને માત્ર કાગળ ઉપર કેનાલો સફાઈ થતી હોય તેવી સ્થિતિ વચ્ચે વાત્ર, મેશ્વો, અને માજૂમ ડેમ સંલગ્ન કેનાલોમાં જાળી ઝાંખરા ઉગી નીકળતાં ચોમાસામાં પાણી અવરોધાવાથી ખેતરોના ખેતર તબાહ થઈ જાય તેવી ભીતી જિલ્લાના ખેડૂતો દ્વારા વ્યકત કરવામાં આવી રહી છે. જિલ્લાના ભૂમિપુત્રો માટે જીવાદોરી મનાતી વિવિધ કેનાલો તબાહીનું સ્વરૂપ ધારણ કરે તે અગાઉ સિંચાઈ વિભાગ દ્વારા સાફ સફાઈ થાય તેમ ભૂમિપુત્રો ઈચ્છી રહ્યા છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

ખંભીસર પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ અને નવા ઓરડાનું ઉદ્‌ઘાટન કરાયું

મોડાસાના ખંભીસર ગામે પ્રાથમિક શાળામાં તાજેતરમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેના આંગણવાડી અને ધોરણ-૧માં બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. ઉપરાંત શાળાના ચાર નવા ઓરડાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. શાળા પ્રવેશોત્સવમાં શાળામાં પ્રવેશ લેતા બાળકોને શૈક્ષણિક કીટ અને રમકડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. અને સૌ બાળકોને હર્ષભેર આવકારવામાં આવ્યા હતા.

મોડાસા કેળવણી મંડળના પ્રમુખ 'ત્રિભોવન એવોર્ડથી' સન્માનિત

મોડાસા, તા. ૧૬

પંથકમાં બાળકો અને તેમના શિક્ષણની સતત ચિંતા કરતા બીપીનભાઈ શાહના ૫૦ વર્ષના જાહેર જીવનની સેવાની સુગંધ છેક મુંબઈ સુધી પહોંચી છે. મુંબઈના ખડાયતા સમાજના ૧૦૩મા વાર્ષિકોત્સવમાં કેળવણીના શિલ્પકારને ત્રિભોવન એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

૯૭માં વર્ષમાં -વેશેલા મોડાસા કેળવણી મંડળના -મુખ બીપીનભાઈ શાહના સામાજિક અને શૈક્ષણિક સેવા કાર્યોની ફોરમ મોડાસાથી છેક ૬૦૦ કિમી દૂર માયાનગરી મુંબઈ સુધી ફેલાઈ અને હીરાના કદરદાન ઝવેરી જેવા ખડાયતા સમાજના અગ્રણીઓએ બીપીનકાકાને સન્માનવા મુંબઈ બોલાવ્યા. મુંબઈના ભાઈદાસ હોલમાં ઉપસ્થિત ખડાયતા બંધુઓ વચ્ચે -મુખ વસંતકુમાર શાહની રાહબરી હેઠળ ગોપેન્દ્રભાઈ શાહના ચેરમેન પદે યોજાયેલા ૧૦૩મા વાર્ષિકોત્સવમાં બીપીનભાઈ આર.શાહને ત્રિભોવન એવોર્ડથી સન્માનીત કરાયા હતા. ભવ્ય -સંગે

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

સૌએ ખડાયતા યુવા સંઘની સ્થાપના કરનાર, કોટીયર્ક હોલ બનાવનાર, ખડાયતા ભુવન, અન્નપૂર્ણા ટ્રસ્ટ, તુલસીદાસ શાહ દૃષ્ટિ કેન્દ્ર અને શ્રીનાથ શરાફી મંડળીની સ્થાપના અને સંચાલનમાં મહત્વનું યોગદાન પુરૂ પડાનાર કર્મશીલ -હરીને બિરદાવ્યા હતા.

સમગ્ર ઉત્તર ગુજરાત યુનિ. સંલગ્ન કોલેજોના કર્મચારીઓના પગાર, રજા અને નોકરીના નિયમો બનાવી અમલી કરાવનાર સેનેટ મેમ્બરે -મુખપદ સંભાળ્યાના ૭ વર્ષમાં રૂ.૪ કરોડથી વધુ રકમનું માતબર દાન મેળવી સમગ્ર ગુજરાતની -થમ ગ્રીન સ્કૂલ એવી બીકનાઈ સીબીએસસી સ્કૂલ શિક્ષાર્થીઓને ભેટ ધરી છે.

હિંમતનગરના મોતીપુરામાં વાહનો હટાવવા મામલે તકરાર

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલા ટી સ્ટોલ પાસેથી રવિવારે મોડી રાત્રે ઉભેલા વાહનોને હટાવવાની બાબતમાં મોતીપુરાના ત્રણ શખ્સોએ એક ઈસમને મોંઢાના ભાગે પંચ જેવું સાધન મારી તેમજ ગડદાપાટુનો માર મારી જાનથી મારવાની ધમકીઓ આપવાની ઘટના સંદર્ભે ત્રણ જણા વિરૂધ્ધ એડીવીઝનમાં મામલો દર્જ કરાયો છે.

મોતીપુરાની લેન્ડમાર્ક હોટલ પાસે મગનભાઈ જેઠાભાઈ ચેનવાનો કનૈયા ટી સ્ટોલ આવેલ છે. રવિવારે મોડી રાત્રે ટી સ્ટોલ પાસે ઉભા રખાયેલા વાહનો હટાવવા બાબતે મોતીપુરા વિસ્તારમાં જ રહેતા દર્શન વીજુભાઈ ભાટ, કિરણભાઈ દરબાર અને સુનિલભાઈ આદિવાસીએ મગનભાઈ સાથે તકરાર કરી હતી. જે તકરાર દરમિયાન દર્શન ભાટ નામના શખ્સએ મગનભાઈ ચેનવાના મોંઢાની ડાબી બાજુએ પંચ જેવા સાધનથી પ્રહાર કરી ઈજા પહોંચાડી હતી. ઉપરાંત કિરણભાઈ દરબાર અને સુનિલભાઈએ પણ પકડી રાખી મગનભાઈને ગડદાપાટુનો માર મારી જાનથી મારવાની ધમકીઓ આપી હતી. જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવાના મામલે એડીવીઝન પોલીસે સોમવારે મોતીપુરાના ત્રણેય શખ્સો વિરૂધ્ધ ગુનો દર્જ કરી પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦